તા.૦૫/૦૨/૨૦૧૬ના જાહેરનામા અનુસાર ની
માંડવાળફી વસુલવા બાબત

વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૬બીજો-ત્રીજો માળ,
જુના સચિવાલય, ગાંધીનગર,
પરિપત્ર ક્રમાંક ડીએ/માંડવાળફી /ઓન/ ૮૦૬
તારીખઃ- ૦૬/૦૨/૨૦૧૧૬ 6 FEB 2016

વંચાણે લીધાઃ- (૧) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક જીજી/૨૨૦૨/૩૦એમવીઆર/૧૦૯૭/૨૦૩૭. ખ તા.૨૨/૦૨/૦૨

(૨) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક પીટી/૨૦૧૩/૪૪એમવીએ/૧૦૦૨/૫૦૫૬, પાર્ટ-૧,ખ તા:૨૧/૧૨/૨૦૧૩

(૩) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક પીટી/૨૦૧૬/૦૨/૧૦૨૦૧૪/૧૬૫ ખ તા.૦૫/૦૨/૨૦૧૬

પરિપત્ર

મોટર વ્હીકલ્સ એક્ટ ૧૯૮૮ તેમજ તે હેઠળના નિયમો હેઠળની જોગવાઇઓના ભંગ બદલના ગુનાઓ સબબ કલમ ૧૭૭ થી કલમ ૧૯૯ માં દંડનીય જોગવાઇ કરવામાં આવેલ છે. આ જોગવાઇઓ પૈકી કેટલાક ગુનાઓને નામદાર કોર્ટમાં પ્રોસીક્યુશન કરતાં પહેલાં કે પછી માંડવાળ કરી શકાય છે. આ માંડવાળ ફી નક્કી કરવાની તથા આ ગુનામાં માંડવાળ કરવાની સત્તા કયા અધિકારીઓને આપવી તે અંગે જાહેરનામું કરવા રાજ્ય સરકારને સત્તા છે. આ સત્તા હેઠળ તા:૨૨-૦૨-૨૦૦૨ નું જાહેરનામું તથા ઓવરલોડના ગુના સંબંધિત તા:૨૧-૧૨-૧૩નું જાહેરનામું રદ કરી રાજ્ય સરકારે તા:૦૫-૦૨-૧૬ના રોજ માંડવાળ ફીનું નવું જાહેરનામું બહાર પાડેલ છે. આ જાહેરનામામાં ભાગ-એ માં મોટર વાહન ખાતાની સત્તા દર્શાવેલ છે. જ્યારે ભાગ-૨ માં પોલીસ ખાતાની સત્તાઓ દર્શાવેલ છે. આ જાહેરનામામાં માંડવાળ ફીના દર રૂ.૧૦૦, ૨૦૦, ૩૦૦, ૫૦૦, ૧૦૦૦, ૨૦૦૦, ૫,૦૦૦ અને ૧૦,૦૦૦ જેવા સ્લેબ છે. તેમજ પ્રથમ અને બીજા / પછીના ગુના માટે, કાયદાથી લાગુ પડતું હોય ત્યાં માંડવાળ ફી ઠરાવેલ છે. જે ગુનામાં બીજા / પછીના ગુના માટે કોઇપણ ગુનાની માંડવાળ ફી ઠરાવેલ ન હોય, ત્યાં પ્રથમ ગુના માટેની માંડવાળ ફી બીજા / પછીના ગુના માટે પણ ગણી લેવા સ્પષ્ટતા કરેલ છે. વધુમાં પોલીસને ટ્રાફીક ગુનાઓમાં કલમ-૧૭૭, ૧૭૯(૧), ૧૭૯(૨), ૧૮૧, ૧૮૩(૧), ૧૮૩(૨) અને ૧૮૪ માં માંડવાળ ફી વસુલ કરવાની સત્તાઓ આપેલ છે. તેથી હવે તાત્કાલિક અસરથી આ જાહેરનામાનો અમલ કરવા જણાવવામાં આવે છે.

આ જાહેરનામું તમામ કચેરીઓને ઇ-મેઇલથી મોકલી આપવામાં આવેલ છે. તેમ છતાં તેની નકલ આ સાથે સામેલ રાખેલ છે.

વધુમાં સ્પષ્ટતા કરવાની કે, જે ગુનાઓ હાલ આર.ટી.ઓ. કચેરીમાં / ચેકપોસ્ટ પર કલમ ૮૬(૫) હેઠળ માંડવાળ કરવામાં આવે છે તેને આ જાહેરનામા હેઠળ નવી સુચના ન મળે ત્યાં સુધી માંડવાળ કરવા નહિ અને તેવા ગુનાઓ કલમ ૮૬(૫) હેઠળ જ માંડવાળ કરવા જણાવવામાં આવે છે.

નોંધ પર માન. કમિશ્નરશ્રીના આદેશ અનુસાર.

સહાયક વાહન વ્યવહાર નિયામક,
ગુજરાત રાજય,ગાંધીનગર.

પ્રતિ,

(૧) સહાયક/ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,તમામ

(૨) ઇન્ચાર્જશ્રી, આર.ટી.ઓ.ચેકપોસ્ટ, તમામ.

નકલ સવિનય રવાના:-

(૧) પોલીસ મહા નિર્દેશકશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગરને જાણ સારૂં.

(૨) નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય, બ્લોક નં-૨, નવમો માળ, ગાંધીનગરને જાણ સારૂં.

(૩) નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, બ્લોક નં-૨, સચિવાલય, ગાંધીનગરને જાણ સારૂં.

Akhil Gujarat Truck Transport Association

R: 9.2.16